ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

રવિવાર ૨૧ જૂન, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785

નકલી લાભાર્થીઓની આશંકા | **૧૯૯૨માં ૫૫ લાભાર્થીઓને ફાળવાયેલી જમીનમાંથી કેટલાક પરિવારો પાસે એક ગુંઠો પણ નહીં**

અંધારીમાં જમીન કૌભાંડનો ભડકો! ગરીબ ખેડૂતોના હક્કની જમીન કોના નામે ગઈ ?

સાથણી અને સનદની જમીનમાં ગેરરીતિના આક્ષેપ, લાગવગ અને સત્તાના જોરે જમીન પચાવી પાડ્યાનો સવાલ

(પ્રતિનિધિ) દાહોદ, તા.20

દાહોદ જિલ્લામાં અંધારી અને માંનલી ગામના કુલ 55 ખેડૂતોને વર્ષ 1992 દરમિયાન સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ ખેતી માટે જમીન ફાળવવામાં આવી હતી. "જે ખેડે એની જમીન" યોજના હેઠળ વર્ષોથી જમીન ખેડતા ખેડૂતોને સનદ આપવામાં આવી હતી. જોકે, યાદીમાં સમાવિષ્ટ કેટલાક ખેડૂતોના પરિવારજનોનો દાવો છે કે સરકાર દ્વારા આશરે દોઢ એકરથી વધુ જમીન ફાળવાઈ હોવા છતાં તેમની પાસે હાલ એક ગુંઠો પણ જમીન નથી. બચુભાઈ તેજાભાઈ અને ખાપર કાળુભાઈ જેવા લાભાર્થીઓના નામ યાદીમાં હોવા છતાં જમીન કોના કબજામાં ગઈ તે અંગે પરિવારજનો અજાણ હોવાનું સામે આવ્યું છે.

બીજી તરફ, સાથણી યોજના હેઠળ પણ ગેરરીતિના આક્ષેપો થયા છે. સરકારના નિયમો મુજબ જમીનવિહોણા અથવા ઓછી આવક ધરાવતા ખેડૂતો, પૂર્વ સૈનિકો તેમજ ડૂબાણ અથવા સરકારી હેતુસર જમીન ગુમાવનાર ખેડૂતોને પ્રાથમિકતા આપવાની જોગવાઈ છે. જોકે, પ્રાંત કચેરી દેવગઢ બારિયાથી પ્રાપ્ત વિગતો અનુસાર તે સમયના નોકરીયાત તેમજ હાલમાં રાજકીય ક્ષેત્ર સાથે સંકળાયેલા કેટલાક લોકોએ લાગવગ અને સત્તાના જોરે જમીન મેળવી હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

આક્ષેપો મુજબ સનદ હેઠળ મળેલી જમીનને સાથણીમાં ફેરવીને પોતાના નામે કરાવવામાં આવી હતી. નિયમો મુજબ ખેતી માટે ફાળવાયેલી જમીન કલેક્ટરની પૂર્વ મંજૂરી વિના વેચી કે અન્ય હેતુ માટે વાપરી શકાતી નથી અને નિશ્ચિત સમયગાળા બાદ જ નામે થઈ શકે છે. છતાં અંધારી ગામમાં જમીન ફાળવણી બાદ તરત જ નામે થઈ ગયાના આક્ષેપો ઉઠ્યા છે. સ્થાનિક લોકોનું માનવું છે કે સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવે તો અનેક ભેદ ખુલશે અને સાચા હકદાર ખેડૂતોને ન્યાય મળી શકશે. અગાઉ દાહોદ જિલ્લામાં નકલી એન.એ. ઓર્ડરના આધારે આદિવાસી જમીનોના ભાવ વધારી લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી થયાની જેમ, આ પ્રકરણમાં પણ ગરીબ ખેડૂતોને ગેરમાર્ગે દોરી પ્રભાવશાળી લોકોએ જમીન પર કબજો જમાવ્યો હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

વિવિધ યોજનાઓના અમલીકરણ અંગે ચર્ચા કરવામાં આવી

પંચમહાલ કલેક્ટર કચેરીના સભાખંડમાં સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

જનતાને લગતા પ્રશ્નોના નિકાલ માટે સંલગ્ન અધિકારીઓને તાકીદ કરવામાં આવી

(પ્રતિનિધિ) ગોધરા, તા.20

પંચમહાલ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર એ જન પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરાયેલ સ્વચ્છતા, વીજ જોડાણ , પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતના પ્રજાલક્ષી પ્રશ્નોના નિવારણ અંગે યોગ્ય કાર્યવાહી કરવા તેમજ નાગરિકોને સ્પર્શતા વિવિધ વિષયો અંગેના પ્રશ્નો જેવાં કે પડતર અરજીઓના નિવારણ, આરોગ્યલક્ષી સેવાઓ વધારવા, વિવિધ યોજનાઓના સહાય વિતરણ,તથા અન્ય જરૂરી બાબતો અંગે સકારાત્મક અભિગમથી કામ કરી ઝડપી અને યોગ્ય નિકાલ કરવા સબંધિત અધિકારીઓને માર્ગદર્શક સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં રાજ્યસભા સાંસદ ડૉ જસવંતસિંહ પરમાર, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, નિવાસી અધિક કલેક્ટર જે.જે. પટેલ,નાયબ વન સંરક્ષક,પ્રાંત અધિકારી સહિત સંકલન સમિતિના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

હાલોલ રાણાવાસ બસ સ્ટેન્ડ પાસે પોલીસનો સપાટો

હાલોલ રહેણાંક વિસ્તારમાંથી ૪.૪૩ લાખથી વધુના વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) હાલોલ, તા.20

હાલોલ રાણાવાસ બસ સ્ટેન્ડ બુટલેગરના રેણાક મકાનમાંથી તેમજ રહેણાંક નજીક મકાન સામે પતરાની ઓરડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની કાચની તેમજ પ્લાસ્ટિકની નાની મોટી બોટલો તથા પતરાના ટીન બિયર મળી કુલ 3 038 નંગ જેની કિંમત 4.43 લાખથી વધુ નો ભારતીય બનાવટ નો દારૂ પકડી પાડી જપ્ત કરતી હાલોલ ટાઉન પોલીસ. પંચમહાલ ગોધરા રેંજના નાયબ પોલીસ મહા નિરીક્ષક ચૌધરી તથા પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક ડો. હરેશ દુધાતના ઓએ જિલ્લામાં દારૂ જુગારની પ્રવૃત્તિઓ નેસ્ત નાબૂદ કરવામાં આપેલ સૂચના ઓના આધારે

નાયબ પોલીસ અધિક્ષક વીજે રાઠોડ હાલોલ ના ઓએ જરૂરી માર્ગદર્શન અને સૂચનાના આધારે ઈન્સ્પેક્ટર આર કે દેસાઈ ના ઓ એ સર્વે લંન્સ સ્ટાફના અધિકારી જે બી ઝાલા તથા પોલીસના માણસોને લીસ્ટેડ બુટલેગરની વોચ તપાસમાં રાખી પકડીપાડવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

જે આધારે હાલોલ પોલીસ ઈન્સ્પેક્ટર આર કે દેસાઈ નાઓએ હ્યુમન સોર્સીસના આધારે માહિતી મળેલ કે હાલોલ રાણાવાસ ખાતે રહેતો લીસ્ટેડ બુટલેગર નિલેશ ઉર્ફે પિન્ટુ ઠાકોરભાઈ રાણા તેના રેણાક મકાન તથા પાસે આવેલ પતરા ની ઓરડીમાં ભારતીય વિદેશી દારૂનો જથ્થો પડેલ છે તેવી મળેલ ચોક્કસપાતમીના આધારે સર્વવેલન્સ સ્ટાફના પો. સ. ઈ જે.બી.ઝાલા તથા પોલીસ સ્ટાફ ના માણસોએ રાણાવાસ ખાતે રહેતા નિલેશ ઉર્ફે પિન્ટુ ઠાકોરભાઈ રાણાના મકાન તેમજ પતરાની ઓરડીમાં રેઇડ કરતા અલગ અલગ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો તેથી હાલોલ ટાઉન પોલીસ સ્ટેશન પ્રોહિબિશનનો કેસ નોધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

ગોધરા-રાબડિયા રૂટની બસનો સમય સવારે ૮ વાગ્યાનો કરવા NSUIની માંગ

(પ્રતિનિધિ) ગોધરા, તા.20

ગોધરા ડેપોથી સવારે ૭:૧૦ કલાકે ઉપડતી ગોધરા-રાબડિયા રૂટની બસના સમયના કારણે વિદ્યાર્થીઓને કોલેજ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં પહોંચવામાં પડતી મુશ્કેલીઓને પગલે આ બસનો સમય બદલીને સવારે ૮:૦૦ કલાક કરવા માંગ કરવામાં આવી છે. શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના NSUI પ્રમુખ આશિષ પરમારે ગોધરા GSRTC ના વિભાગીય નિયામકને લેખિત રજૂઆત કરી જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાનમાં રાખીને તાત્કાલિક સમયમાં ફેરફાર કરવો અત્યંત જરૂરી છે. જો એસ.ટી. તંત્ર દ્વારા આ અંગે સત્વરે હકારાત્મક નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં વિદ્યાર્થીઓને સાથે રાખીને લોકશાહી અને શાંતિપૂર્ણ ઢબે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ગુજરાત સરકારની નમો શ્રી યોજના અને માતૃવંદના યોજના લોકો માટે આશીર્વાદરૂપ

મોટી બાંડીબાર PHC દ્વારા ૯૯૯ સગર્ભા બેનોને એક વર્ષમાં રૂ.૨,૫૬,૬૧૦ની સહાય

(પ્રતિનિધિ) દાહોદ, તા.20

ગુજરાત સરકાર ની નમો શ્રી યોજના અને પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના હેઠળ બાંડીબાર પીએચસીમાં આવતા 11 જેટલાં ગામોની સગર્ભા બહેનોને ગર્ભા વસ્થાથી ચાલુ કરીને સુવાવડ સુધી ના સમય દરમ્યાન 4 તબબકા માં અલગ અલગ રકમ મળે છે ઞપ્રથમ હપ્તો સગર્ભા ની નોંધણી સમયે બીજો હપ્તો સગર્ભાના છ મહિના પૂર્ણ થયા બાદ ઞત્રીજો હપ્તો સરકારી કે ખાનગી હોસ્પિટલમાં પ્રસુતિ સમયે ઞચોથો હપ્તો બાળકનું સંપૂર્ણ રસીકરણ પૂર્ણ થયા બાદ મળવા પાત્ર રહે છે આં તમામ રકમ લાભાર્થી ના ખાતામાં જમા થાય છે જેથી લાભાર્થી ને તેનો સંપૂર્ણ લાભ મળી રહે આં લાભ લેવામાંટે સગર્ભા બેનો ને પોતાના ગામની આશા વર્કર નો તેમજ નર્સનો સંપર્ક કરવાનો રહે છે અને પેલા થી છેલ્લે સુધી આશા વર્કર અને નર્સ સગર્ભા બેન ના ઘરે નક્કી કર્યા મુજબ ના સમયે લાભાર્થી ના ઘરે જઈને મુલાકાત કરે છે તેમજ સગર્ભા બેનો એ સમયે સમયે નજીક ના phc સેન્ટર ની મુલાકાતે જઈને બાળકની સ્તિથી પણ જાણવી પડે છે તેના માટે જરૂરી સમયે સોનાગ્રાફી પણ કરાવી અને જરૂરી સારવાર પણ આપવામાં આવે છે



લાભાર્થીના પતિ શુ કહે છે ?

અમને સુવાવડ કરાવ્યા બાદ સરકારી સહાય પેટે ૭૦૦૦ રૂપિયા મળેલા અમે લીમખેડા નીલ ખાનગી હોસ્પિટલમાં સુવાવડ કરાવી જેથી અમને સંપૂર્ણ મળવા પાત્ર રકમ મળેલ નથી. સુરેશભાઈ પટેલ લાભાર્થીના પતિ.

લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કુલમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી

લીમખેડા : સમગ્ર વિશ્વમાં "વિશ્વ યોગ દિવસ" ઊર્જા અને ઉત્સાહ સાથે ઉજવવાનો થનગનાટ છે ત્યારે દર વર્ષે ૨૧ જૂનના રોજ ઉજવાતા આ દિવસનો હેતુ યોગના આરોગ્યલાભો વિશે જનજાગૃતિ ફેલાવવાનો છે. આ પ્રસંગે લીમખેડા ની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે સંસ્થા મંત્રી ભરતભાઈ ભરવાડ ની ઉપસ્થિતિ વિશ્વ યોગ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળાના નાના બાળકો દ્વારા વિવિધ યોગા કરવામાં આવ્યા હતા ભરતભાઈ ભરવાડ દ્વારા દરેક બાળકોને નિયમિત યોગ સ્વસ્થ અને તંદુરસ્ત શરીર માટે ખૂબ ઉપયોગી છે તેવું જણાવ્યું હતું સાથે વિશ્વ યોગ દિવસ નિમિત્તે લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધે છે અને "સ્વસ્થ ભારત" તરફ એક સકારાત્મક પગલું માનવામાં આવે છે.

સમગ્ર વિશ્વમાં યોગનુ અનેરુ મહત્વ

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અંતર્ગત હાલોલમાં યોગશિબિરનુ આયોજન

(પ્રતિનિધિ) હાલોલ, તા.20

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા યોગગુરૂ યોગ ઋષિ એવા રામદેવજી મહારાજના પ્રચંડ અથાક અને અભૂતપૂર્વ પ્રવાસનું પરિણામ એટલે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ. ગયા વર્ષે તો લગભગ 173 દેશોએ 21 મી જુને આંતરરાષ્ટ્રીય યોગ ડે પૂરી ધામધૂમથી આનંદ ઉમંગ અને ઉત્સાહથી ભવ્ય અને યોગ દિવસ ઉજવ્યો હતો આ વર્ષે પણ તેનાથી પણ વધુ દેશો ગયા વર્ષની તુલનામાં ઉમંગ અને ઉત્સાહથી ઉજવણી કરશે જ્યારે આખું વિશ્વ યોગમય બની 21મી જૂને આંતરરાષ્ટ્રીય યોગ ડે મનાવતો હોય ત્યારે હાલોલ તાલુકો પણ કેમ પાછળ રહી શકે યોગગુરૂ યોગ ઋષિ એવા સ્વામી રામદેવજી મહારાજના આશીર્વાદ તથા પ્રેરણાથી પતંજલિ યોગ સમિતિના સર્વ કરતા હતા ધરતા એવા લક્ષ્મણભાઈ ગુરવાણી દ્વારા તારીખ 20.6.26 થી22.6.26 ના રોજ સવારે 5:30 થી 7:30 કલાક દરમિયાન વીએમ સ્કૂલ હાલોલના મેદાનમાં નિશુલ્ક યોગ એવમ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે

હાલોલના તમામ બાળકો યુવકો યુવતીઓ મહિલાઓ અને પુરુષોને આ આંતરરાષ્ટ્રીય' યોગ ડે' ના મહોત્સવમાં ભાગ લેવા માટે સહભાગી થઈ પોતાના શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક લાભ લેવા ભાવભીનું આમંત્રણ છે અને સોનેરી અવસરના સાક્ષી બનવા સૌને અપીલ કરી છે.

હાલોલમાં 'વિકસિત ભારત રોજગાર યોજના' અંતર્ગત ઈન્સેન્ટિવ વિતરણ

(પ્રતિનિધિ) હાલોલ, તા.2

સાંસદ રાજપાલસિંહ જાદવની પ્રેરક ઉપસ્થિતિમાં "વિકસિત ભારત રોજગાર યોજના" અંતર્ગત હાલોલ સ્થિત એમજી મોટર્સ (MG Motors) ખાતે એક વિશેષ ઈન્સેન્ટિવ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન EPFO ક્ષેત્રીય કાર્યાલય, વડોદરા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ રાજપાલસિંહ જાદવ એ જણાવ્યું હતું કે, "વિકસિત ભારત રોજગાર યોજના દેશના યુવાનોને રોજગારી સાથે જોડવાની એક મહત્વપૂર્ણ પહેલ છે.

ગોધરા SOG પોલીસનો સપાટો

જુના બસ સ્ટેશનથી ચોરાયેલી બાઈક સાથે એક આરોપીને ઝડપ્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા.20

પંચમહાલ જિલ્લાની એસ.ઓ.જી. પોલીસે ગોધરાના જુના બસ સ્ટેશન પાસેથી ચોરાયેલી મોટરસાયકલ સાથે એક શખ્સની મોરવા (હ) ખાતેથી ધરપકડ કરી છે અને આ સાથે જ ગોધરા ટાઉન એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો જિલ્લામાં મિલકત સંબંધી વણઉકેલાયેલા ગુનાઓ શોધવાની ઝુંબેશ અંતર્ગત એસ.ઓ.જી.ની ટીમ મોરવા (હ) વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે તેઓએ મોરવા (હ) બજારમાંથી એક શંકાસ્પદ ઈસમને પકડી પાડ્યો હતો. પૂછપરછમાં આ શખ્સની ઓળખ બિપીનભાઈ દિલીપભાઈ બારીયા રહે. બારીયા ફળિયું, મોરવા હ. તરીકે થઈ હતી. પોલીસને તેની પાસેથી રજીસ્ટ્રેશન નંબર વગરની એક મોટરસાયકલ મળી આવી હતી. પોલીસે નંબર વગરની આ શંકાસ્પદ મોટરસાયકલ અંગે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરતા સામે આવ્યું હતું કે, આ બાઈક ગોધરાના જુના બસ સ્ટેશન પાસેથી ચોરવામાં આવી હતી. આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લીમખેડા વન વિભાગમાં કરોડોના ગોટાળાની ચર્ચા !

વિસ્તરણ અને નોર્મલ રેન્જમાં પ્લાન્ટેશન, જંગલ તલાવડી અને ચેકડેમના કામોમાં ગેરરીતિની ચર્ચા તેજ

ખેડૂતોને મફત છોડ વિતરણ અને મજૂરોના વેતનમાં અનિયમિતતાના આક્ષેપ, વિજિલન્સ તપાસની માંગ ઉઠી

(પ્રતિનિધિ) લીમખેડા, તા.20

લીમખેડા તાલુકાના વન વિભાગની વિસ્તરણ અને નોર્મલ રેન્જમાં સરકારની વિવિધ યોજનાઓના અમલીકરણમાં વ્યાપક ગેરરીતિ ચાલતી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર તેમજ વિદેશી સહાય હેઠળ મળતી કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી હાથ ધરાતા વિવિધ કામો માત્ર કાગળ પર જ ચાલી રહ્યા હોવાના આક્ષેપો સામે આવતા સમગ્ર મામલે વિજિલન્સ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ ઉઠી છે.

વન વિભાગની બંને રેન્જ હેઠળ રોડ સાઈડ પ્લાન્ટેશન, જંગલ તલાવડી, નાના ચેકડેમ, નવા વૃક્ષોનું વાવેતર તેમજ ખેડૂતોને લીમડો, આંબા સહિતના ફળાઉ અને જંગલી છોડો વિનામૂલ્યે આપવાની યોજનાઓ અમલમાં છે. છોડ સંપૂર્ણપણે મોટા થાય ત્યાં સુધી ખાતર અને સંભાળની જવાબદારી પણ વિભાગની હોવાનું જાણવા મળે છે. જોકે તાલુકામાં આ યોજનાઓનો લાભ સામાન્ય ખેડૂતો સુધી પહોંચતો ન હોવાની અને મોટા પ્રમાણમાં છોડો વેચી નાખવામાં આવતા હોવાની ચર્ચા ચાલી રહી છે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ કોઈપણ નાગરિકને વિનામૂલ્યે છોડ આપવાની જોગવાઈ હોવા છતાં તાલુકામાં આવી યોજના અસરકારક રીતે અમલમાં ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. વર્ષ દરમિયાન માત્ર એકાદ મોટા કાર્યક્રમો યોજીને કામગીરી પૂર્ણ થયાનો દેખાવ કરવામાં આવતો હોવાની પણ ચર્ચા છે. આ ઉપરાંત, પ્લાસ્ટિકની થેલીઓમાં પ્લાન્ટેશન માટે કામ કરતા ગરીબ મજૂરોને સરકારના ધોરણ મુજબ વેતન ચૂકવવાને બદલે મંજૂર રકમનો સંપૂર્ણ લાભ મળતો નથી અને બાકીનું કામ તથા ચૂકવણી કાગળ પર જ દર્શાવવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જંગલી પ્રાણીઓ માટે પાણીના અવાઢા, જંગલ તલાવડી અને નાના ચેકડેમ જેવા કામો પણ મોટા ભાગે માત્ર દસ્તાવેજોમાં જ સીમિત હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે.

સિંગવડમાં PM કિસાન ઉત્સવ દિવસ ઉજવાયો

(પ્રતિનિધિ) સિંગવડ, દાહોદ, તા.20

દાહોદ જિલ્લાના સિંગવડ કોમ્યુનિટી હોલ ખાતે 20 જૂન 2026, શનિવાર બપોરે 3 વાગ્યે PM કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અંદાજિત 200 થી 300 ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત સાંસદ જશવંતસિંહ ભાભોર, તાલુકા પંચાયત પ્રમુખ નિર્મળાબેન ભાભોર, જિ.પં. સદસ્ય અરવિંદભાઈ પટેલ, મુણાવાણી સરપંચ પીન્ટુભાઈ બારીયા તાલુકા પંચાયત સદસ્યો સહિતના મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી.

સામાન્ય વરસાદમાં ઢિંચણસમા પાણી ભરાતા લોકો ત્રાહીમામ

ફતેપુરાના ઉખરેલીમાં રોડ પર વરસાદી પાણીનો ભરાવો થતાં ગ્રામજનોને હાલાકી

(પ્રતિનિધિ) સુખસર,તા.૨૦

ચોમાસાના આગમન સાથે જ ફતેપુરાના કરોડિયા ગ્રામ પંચાયત હેઠળ આવતા ઉખરેલી રોડ પર ગંભીર સમસ્યા સર્જાઈ છે. વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે આ મુખ્ય માર્ગ 'બેટ'માં ફેરવાઈ ગયો છે.જેના કારણે સ્થાનિકો,વાહનચાલકો અને ખાસ કરીને રાહદારીઓ સહિત વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાયું છ.

આ માર્ગ પર આઈ.કે. દેસાઈ સ્કૂલ,કોમલ વિદ્યાલય,આર્ટસ કોલેજ અને આઈ.ટી.આઈ. આવેલી છે. રસ્તા પર ઘૂંટણસમા પાણી ભરાઈ રહેતા ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે અવર-જવર કરવામાં ભારે હાલાકી અનુભવી રહ્યા છે. અનેક વિદ્યાર્થીઓ ભીના કપડે શાળા-કોલેજ જવા મજબૂર બન્યા છે. માત્ર સામાન્ય વરસાદમાં પણ આ રસ્તો જળમગ્ન થઈ જાય છે. ઘૂંટણસમા પાણીમાં વાહનચાલકો અને રાહદારીઓ માટે

પસાર થવું અત્યંત જોખમી બન્યું છે, જેના કારણે અકસ્માતની ભીતિ સતત રહે છે.સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ સમસ્યા લાંબા સમયથી છે.છતાં કરોડિયા ગ્રામ પંચાયત અને જવાબદાર સત્તાધીશો દ્વારા પાણીના નિકાલ માટે કોઈ કાયમી કામગીરી કરવામાં આવતી નથી.રસ્તા ઉપર ભરાતા પાણીને કારણે જનતામાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે. તાત્કાલિક અસરથી પાણીના નિકાલની કાયમી વ્યવસ્થા અને સમસ્યાનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો સ્થાનિકો દ્વારા આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરાશે તેવી ચિમકી ઉચ્ચારી છે.